ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૮૮/૨૩-૨૪/ 567 તારીખ : 18 JUN 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ચિરાગભાઈ રાજાઈ,**
C/o. **મયુરભાઈ રામભાઈ રાજાઈ,**
૬, જીવન મેન્શન ગેટ, લાતી બજાર,
શ્રી ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ, ભાવનગર.

કેસ નં.૮૮/૨૩-૨૪

**વિષય :** **વપરાશ ન હોવા છતાં ૨૪૦ યુનિટનું બીલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો ઈ-મેઈલ તા.૨૯/૦૧/૨૦૨૪. અત્રેની કચેરીને મળ્યા તા.૨૯/૦૧/૨૦૨૪ તથા ૨૯/૦૨/૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૮/૨૩-૨૪/૧૯૨ તા.૦૨/૦૩/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૮/૨૩-૨૪/૪૩૯ તા.૧૩/૦૫/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૮/૦૫/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ભાવનગર શહેર-૧.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **કુંભારવાડા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૮૮/૨૩–૨૪</u> ☜

**વાદી :– શ્રી ચિરાગભાઈ રાજાઈ**

◈ **વિરૂઘ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૮/૦૫/૨૦૨૪</u>** ◈

હાજર રહયા :– **શ્રી ચિરાગભાઈ રાજાઈ (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી ટી. એમ. પંડ્યા, કાર્યપાલક ઇજનેરશ્રી , શહેર-૧, વિભાગીય કચેરી,
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ચિરાગભાઈ રાજાઈ, મુ.ભાવનગરની વપરાશ ન હોવા છતાં ૨૪૦ યુનિટનું બીલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૮/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૮/૨૩–૨૪/૧૯૨ તા.૦૨/૦૩/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. <u>૨૮/૦૫/૨૦૨૪</u> ના રોજ ભાવનગર મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ચિરાગભાઈ રાજાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ટી. એમ. પંડયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ભાવનગર શહેર–૧ ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી જણાવે છે કે, અમો ગ્રાહક નં.૮૯૯૩૫/૦૦૧૦૨/૪ થી NRGP ૪.૫ કીલોવોટનું વીજ કનેકશન ધરાવીએ છીએ.

૧.૨ ભાવનગર ખાતે ૬, જીવન મેન્શન ગેટ, લાતી બજાર, શ્રી ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ, ભાવનગર ખાતે કનેકશન ધારક છે.

૧.૩ અમો દવારા કોઈપણ જાતનો વપરાશ કરેલ નથી છતાં અમોને ૨૪૦ યુનિટનું બીલ આપવામાં આવેલ છે.

૧.૪ અમારા દવારા તા.૦૯/૧૧/૨૦૨૩ ના રોજ મીટર ફાસ્ટ ફરતું હોવાથી બદલાવવા માટેની ફરીયાદ નોંધાવવામાં આવેલ.

૧.૫ ફરીયાદના આધારે ઓફીસ દવારા અમારૂ મીટર બદલાવેલ અને ઓફીસ દવારા કહેવામાં આવેલ કે, અમારૂ મીટર OK છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૬ અમારા દવારા મીટરમાંથી પાવર હજી સુધી શરૂ જ નથી કરવામાં આવેલ તો બીલ કઈ રીતે આવી શકે.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી દવારા ગ્રાહક નં.૮૯૯૩૫/૦૦૧૦૨/૪ થી વાણીજય હેતુનું ૪.૫ કિલોવોટનું કનેકશન ધરાવે છે.

૨.૨ ગ્રાહક દવારા તા.૨૧/૧૦/૨૦૨૩ ન રોજ મીટર ફાસ્ટની અરજી કરવામાં આવેલ.

૨.૩ ગ્રાહકની ફાસ્ટ મીટરની અરજીના આધારે તા.૦૯/૧૧/૨૦૨૩ ના રોજ પ્રફોર્મા ૬૩૪ થી PGST–૦૩૧૦૬૪૩૩ નંબરનું મીટર બલવાવવામાં આવેલ, તેમાં રીડીંગ ૨૪૮ દર્શાવેલ છે.

૨.૪ ત્યારબાદ સદર મીટરની લેબ પરીક્ષણ તા.૨૦.૧૧.૨૦૨૩/ ૨૭.૧૧.૨૦૨૩ અને ૦૪.૧૨.૨૦૨૩ આપવામાં આવેલ પરંતુ ગ્રાહકશ્રી એકપણ તારીખના રોજ લેબમાં હાજર રહેલ નહી અને તા.૧૧.૧૨.૨૦૨૩ ના રોજ એકતરફી મીટર ચકાસણી કરવામાં આવેલ, જે રીપોર્ટ સામેલ છે. જેમાં ગ્રાહકની સહી કરવામાં આવેલ નથી અને લેબ ચકાસણી રીપોર્ટ OK આવેલ છે.

૨.૫ ત્યારબાદ મીટર ટેસ્ટીંગ લેબોરેટરી રીપોર્ટ નં.૫૦૧૩ તા.૧૧.૧૨.૨૦૨૩ STATUS OK આવેલ છે અને તેમાં ૨૪૮ રીડીંગ દર્શાવેલ છે.

૨.૬ ગ્રાહકની ૧૪૫ પી.આર.ટી. જોતાં ફેબ્રુઆરી–માર્ચ–૨૦૨૩ માં પાછલા રીડીંગ ૪ થી હાલના રીડીંગ ૨૪૪ જણાય છે, તેથી ગ્રાહકને ૨૪૦ યુનિટનું બીલ આપવામાં આવેલ છે, જે સાચુ જ છે અને ગ્રાહકને ભરવાનું થાય છે. સદર કેસમાં ચિરાગ રાજાઈ ફરીયાદી છે અને મયુરભાઈ રામભાઈ રાજાઈ ગ્રાહક છે. સદર પ્રીમાઈસીસ સતત બંધ રહેતુ હોય તેમ જણાય છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી ચિરાગભાઈ રાજાઈ, ગ્રા.નં.૮૯૯૩૫/૦૦૧૦૨/૪ થી NRGP કેટેગરીનું ૪.૫ કીલોવોટનું વીજજોડાણ મયુરભાઈ રામભાઈ રાજાઈનું ભાવનગર ખાતે ધરાવે છે, જેમાં પ્રતિવાદી દવારા ફેબ્રુ.–માર્ચ–'૨૩ નું ૨૪૦ યુનિટનું બીલ આપવામાં આવતાં ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૨૮/૦૫/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે, જેમાં વાદી અને પ્રતિવાદીએ રજુઆત કરેલ છે.

૩.૩ હાલના કેસની વિગત જોતાં ગ્રાહકની રજુઆત મુજબ તેમની બંધ મિલ્કતના ઉપરોકત કનેકશનમાં વપરાશ ન હોવા છતાં ૨૪૦ યુનિટનું બીલ બનેલ છે, જે અંગેની વાદીની ફાસ્ટ મીટરની તા.૨૧/૧૦/૨૦૨૩ ની અરજીના આધારે પ્રતિવાદી દવારા તા.૦૯/૧૧/૨૦૨૩ ના રોજ મીટર બદલી આપેલ અને લેબ રીપોર્ટ મુજબ જેમાં રીડીંગ ૨૪૮ હતા અને મીટર OK માલુમ પડેલ, જેને લઈને પાછલા રીડીંગ ૪ ને ધ્યાને લઈ પ્રતિવાદીએ ૨૪૦ યુનિટનું બીલ આપેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪ રજુ થયેલ રેકર્ડ અને રૂબરૂ રજુઆતોને ધ્યાને લઈને ફોરમને જણાય છે કે, MRI રીપોર્ટમાં મે મહીનામાં લોડ રેકોર્ડ થયેલ છે અને મીટર પણ OK છે તેને લઈને વાદીની વપરાશ ન કરતાં હોવાની રજુઆત ગ્રાહય રાખી શકાય નહી.

આમ, વાદીના મીટરમાં વીજ વપરાશ નોંધાયેલ તેના યુનિટનું વીજબીલ આપવામાં આવેલ હોય, યોગ્ય છે, જે વાદીએ ભરપાઈ કરવા પાત્ર છે.

**<u>-:: હુકમ ::-</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન-૩, ત્રીજો માળ, બ્લોક નં-૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(પી.જે. મહેતા)
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :- **૨૮/૦૫/૨૦૨૪.**

Consumer Grievances Redressal Forum
PGVCL
Bhavnagar